RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 255, Dt.16-12-2023 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઈમ્પેક્ટ ફીની મુદ્દત વધુ છ માસ સુધી લંબાવાઈ



## ઈમ્પેક્ટ ફી મુદ્દે ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણયઃ રાજ્યમાં ઈમ્પેક્ટ ફી ભરી ગેરકાયદેસર બાંધકામ કાયદેસર કરવાની છે જોગવાઈઃ ૧૭ ડિસેમ્બરે ઈમ્પેક્ટ ફી ભરવાની મુદત પૂર્ણ થઈ રહી છે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં બિનઅધિકૃત ગેરકાયદે બાંધકામ ફી ભરીને કાયદેસર કરવા માટેની ઈમ્પેક્ટ ફી ભરવાની મુદ્દતમાં સતત ત્રીજી વાર વધારો કરવામાં આવ્યો છે. વિગતો મુજબ ઈમ્પેક્ટ ફી બાબતે અરજી કરવામાં મુશ્કેલી હોવાની નાગરિકોની ફરિયાદ હતી. જેને લઈ હવે રાજ્ય સરકાર દ્વારા સતત ત્રીજી વાત ઈમ્પેક્ટ ફી ભરવાની મુદ્દતમાં વધારો કરી હજી ૬ મહિનાનો વધારો કરાયો છે.

મહત્વનું છે કે, રાજ્યમાં ઈમ્પેક્ટ ફી ભરી ગેરકાયદે બાંધકામ કાયદેસર કરી શકવાની જોગવાઈ છે. જોકે અગાઉ બે વાર ઈમ્પેક્ટ ફી ભરવાની મુદ્દત આપ્યા બાદ પણ નાગરિકોની ફરિયાદને આધારે હજી ૬ મહિના સુધી મુદ્દત આપવામાં આવી છે. મહત્વનું છે કે, રાજ્ય સરકારની ધારણા કરતાં ઓછો પ્રતિસાદ મળતા શહેરી વિકાસ વિભાગ દ્વારા ૧૭ ડિસેમ્બરે ઈમ્પેક્ટ ફી ભરવાની મુદ્દત પૂર્ણ થાય તે પહેલા જ ૬ મહિનાનો વધારો કરતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

અમદાવાદમાં કુલ ૪૮,૭૦૦ જેટલી અરજી આવી હતી. તેમાંથી ૯૬૦૦ જેટલી અરજીને જ હજુ સુધી મંજૂરી આપી શકાઈ છે. તંત્ર દ્વારા જે ફોર્મેટમાં અનધિકૃત બાંધકામની માહિતી માગવામા આવે છે તેમા ટેકનીકલ બાબતો વધુ પડતી હોવાની પણ ફરીયાદો છે. નાગરિકો દ્વારા ઈમ્પેક્ટ ફી ભરી ગેરકાયદે બાંધકામ કાયદેસર કરાવવા કેટલીક જોગવાઈ સરળ કરવા સાથે ઝડપથી મંજૂરી મળી જાય તેવી માગણી કરાઈ રહી છે.

# ઓસ્ટ્રેલિયાની નવી વિઝા નીતિથી ગુજરાતના વિદ્યાર્થીઓને મોટો ઝટકો

## IELTS ટેસ્ટ વધુ અઘરી બનીઃ પોસ્ટ સ્ટડી માટે ઓછામાં ઓછા ૬.૫ બેન્ડ લાવવા જરૂરી




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઓસ્ટ્રેલિયાએ તેની નવી ઈમિગ્રેશન પોલીસીની જાહેરાત કરી છે જેમાં પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓના વિઝા માટે IELTSમાં ૬.૫ બેન્ડ અને ગ્રેજ્યુએશન લેવલે ૬.૦ બેન્ડ ફરજીયાત કર્યા છે. ઓસ્ટ્રેલિયન સરકારે સોમવારે જાહેરાત કરી હતી કે છેલ્લા ઘણાં સમયથી ભારતીય વિદ્યાર્થીઓ માટે માઈગ્રેશન પોલીસીમાં કેટલાંક ફેરફાર અંગેની ચર્ચા વિચારણ ચાલી રહી હતી.

ભારત-ઓસ્ટ્રેલિયા ઈકોનોમિક કોઓપરેશન અને ટ્રેડ એગ્રીમેન્ટ અનુસાર હવે અંગ્રેજી માટેની ટેસ્ટ વધુ ટફ અથવા તો કડક કરવામાં આવશે. જેમાં સ્ટુડન્ટ વિઝા માટે આવનારા વિદ્યાર્થીઓએ અંગ્રેજીમાં પોસ્ટ સ્ટડી માટે ઓછામાં ઓછા ૬.૫ બેન્ડ લાવવા જરૂરી બની જશે. ગ્રેજ્યુએશન લેવલે ૬.૦૦ બેન્ડ લાવવા પડશે. અત્યાર સુધી મિનિમમ રિક્વાયરમેન્ટ ૫.૫ હતી. કોવિડ પછીના એક્સ્ટ્રા બે વર્ષનો સ્કીલ લિસ્ટનો ફાયદો હવે મળી શકશે નહીં. જો ગ્રાન્ડ ફાધર્સ સ્કીમ લાગુ પડે તો જુલાઈ ઈન્ટેકવાળા વિદ્યાર્થીઓને જુના નિયમો લાગુ પડશે.

ઈન્ટરનેશનલ ઈંગ્લિશ લેંગ્વેજ ટેસ્ટ એટલે કે IELTSમાં ૬થી વધુ બેન્ડ જેમાં સ્ટુડન્ટ વિઝા માટે એપ્લાય કરનારા માટે ૪.૫ બેન્ડ જરૂરી રહેશે.

જે માઈગ્રેન્ટની સેલરી ૧૩૫૦૦૦ ઓસ્ટ્રેલિયન ડોલર કે તેથી વધુ છે તેમની વિઝા એપ્લિકેશનને ફાસ્ટ ટ્રેકમાં લઈ જવામાં આવશે. ઓસ્ટ્રેલિયાની સરકારે સ્ટુડન્ટ વિઝા માટે વધારાની ચકાસણીઓનો પણ ઉમેરો કર્યો છે. જેમ કે કોઈને બીજો કોઈ કોર્સ કરવો હોય તો તે માટે જરૂરી પુરાવા રજૂ કરવા પડશે આ ઉપરાંત આ કોર્સ તેમને આગળ જતાં કેવી રીતે ઉપયોગી થશે તે પણ સાબિત કરવું પડશે. ૨૦૨૨-૨૦૨૩ના ડેટા પ્રમાણે હાલમાં ઓસ્ટ્રેલિયામાં ૩૦ ટકા સ્ટુડન્ટ્સનો વધારો જોવા મળ્યો છે જે આશરે દોઢ લાખ જેટલા છે. હાલમાં સૌથી વધુ ધસારો વોકેશનલ એજ્યુકેશન એન્ડ ટ્રેઈનિંગ સેક્ટરમાં છે. જો કે પોસ્ટગ્રેજ્યુએશન લેવલે ઓસ્ટ્રેલિયન સરકારે હાલમાં કોઈ ફેરફાર નહીં કરાતા પોસ્ટ ગ્રેજ્યુએશનના વિદ્યાર્થીઓને હાલ પૂરતી રાહત મળી છે.

ઓસ્ટ્રેલિયન હાઈ કમિશનર ફિલિપ ગ્રેને જણાવ્યું હતું કે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ઈકોનોમિક કોઓપરેશન અને ટ્રેડ એગ્રીમેન્ટ અંતર્ગત કરાર થયા છે તે પ્રમાણે માઈગ્રેશન પોલીસીમાં ફેરફાર કરવામાં આવ્યા છે. જે પ્રમાણે ભારતીય ગ્રેજ્યુએટસ કામચલાઉ ગ્રેજ્યુએટ વિઝા લઈને બે વર્ષ બેચલર ડિગ્રી કરીને માસ્ટર ડિગ્રી અને ચાર વર્ષ પીએચડીનો અભ્યાસ કરી શકે છે. વિશ્વમાં ભારત બીજા નંબરનો દેશ છે જ્યાંથી ૯૫૭૯૧ વિદ્યાર્થીઓ જાન્યુઆરીથી એપ્રિલ-૨૦૨૩ દરમ્યાન ઓસ્ટ્રેલિયા ભણવા આવે છે. ભારતીય વિદ્યાર્થીઓનું અહીં સ્વાગત છે. હાલના નવા નિયમો પ્રમાણે ડિપ્લોમા કરવા જતાં ભારતીય વિદ્યાર્થીઓ ૧૮ મહિના રોકાઈ શકે છે અને જે વિદ્યાર્થીઓએ બેચલર ડિગ્રી પૂર્ણ કરી છે તે માસ્ટર ડિગ્રીમાં એડમિશન લઈને ત્રણ વર્ષ અભ્યાસ કરી શકે છે અને પીએચડીમાં અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ ચાર વર્ષ અભ્યાસ કરીને રહી શકે છે.

# આઈટીને મળેલા રૂ.૩૫૩ કરોડની રોકડ મારા પરિવારના ધંધાની આવક, કોંગ્રેસની નથીઃ સાંસદ ધીરજ શાહુએ કર્યો ખુલાસો

## ૧૦૦ વર્ષથી શરાબનો વ્યવસાય છે અને તેનો વ્યવહાર રોકડમાં જ થતો હોવાથી આટલા નાણાં છે





**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જેમના જુદા જુદા ઠેકાણાઓમા આઈટીના દરોડામાં અધધધ ૩૫૩ કરોડ જેવી બેહિસાબ મોટી રોકડ મળી આવી હતી અને આ ઘટનાએ સમગ્ર દેશમાં હલચલ મચાવી હતી તેવા શરાબ કારોબારી અને કોંગ્રેસના સાંસદ ધીરજ શાહુએ આ મામલે મોડે મોડે મોં ખોલ્યુ છે અને ટીવી ચેનલોને આપેલી મુલાકાતમાં કહ્યું હતુ કે આ પૈસા મારા છે, મારી ફર્મના છે. કોંગ્રેસ કે અન્ય કોઈ પક્ષના નથી. શરાબના કારોબારમાં રોકડમાં વ્યવહાર થતો હોય છે.

પૂરા દેશમાં ખળભળાટ મચાવનાર આ કેશકાંડને રાજકીય રંગ પણ લાગ્યો હતો અને મોદીએ આ મામલે કોંગ્રેસને નિશાન બનાવી હતી. અત્યાર સુધી આ મામલે કેમ મૌન રહ્યા તેના જવાબમાં શાહુએ જણાવ્યુ હતુ કે તે સમયે હું દિલ્હીમાં જ હતો પણ પરિસ્થિતિ એવી પેદા થઈ હતી કે મને મીડીયા સામે આવવામાં શરમ આવતી હતી. હું રાજનીતિ છોડીને બીઝનેસમાં ધ્યાન આપી શકતો નહોતો, શરાબનો કારોબાર મારા પરિવારના લોકો કરતા હતા.

શાહુએ જણાવ્યુ હતુ કે હું સક્રિય રાજનીતિમાં ૩૦-૩૫ વર્ષથી છું. આવી ઘટના મારી સાથે પહેલીવાર બની છે, હૃદયને આઘાત લાગ્યો છે. અમે લોકોએ ઘણો વિકાસ કર્યો છે. મારા પિતાજી ગરીબોની મદદ કરતા હતા. અમે લોકોએ અનેક સ્કૂલ-કોલેજો ખોલી છે. પણ આજે જે થઈ રહ્યુ છે તેથી મને ઘણુ દુઃખ થયુ છે. શાહુએ કહ્યુ હતુ કે હું દાવા સાથે કહુ છું કે જે પૈસા મળ્યા છે તે મારા ફર્મના પૈસા છે. અમે લોકો આ ધંધામાં ૧૦૦ વર્ષથી છીએ. અમે ૧૦૦ વર્ષમાં સરકારને ઘણુ રેવન્યુ આપ્યુ છે. હું ઈચ્છુ છું કે મારા તરફથી આ ખુલાસો કરૂ. જે પણ પૈસા પકડાયા છે તે શરાબના વેચાણના છે, તેનો સંબંધ કોંગ્રેસ કે અન્ય પાર્ટી સાથે નથી, પૂરેપૂરા અમારી કંપનીના પૈસા છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી કાલે સુરતમાં આંતરરાષ્ટ્રીય હવાઈ ટર્મીનલનું કરશે લોકાર્પણ

## વિશ્વના સૌથી મોટા ઓફીસ બિલ્ડીંગ ડાયમંડ બુર્સ પણ ખુલ્લુ મુકશેઃ તંત્ર દ્વારા તૈયારીનો ધમધમાટ

**મુખ્ય સમાચાર, સુરત**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એક વખત ગુજરાતનાં પ્રવાસે આવશે. આવતીકાલે સુરતમાં આંતર રાષ્ટ્રીય હવાઈ ટર્મીનલ તથા વિશ્વનાં સૌથી મોટા ઓફીસ બિલ્ડીંગ ડાયમંડ બુર્સનું લોકાર્પણ કરશે વડાપ્રધાન નવા વર્ષે સુરત આવતા હોવાથી પુષ્પવર્ષા સાથે ભવ્ય સ્વાગત કરાશે. વડાપ્રધાન મોદીના આગમનને લઈ શહેર ભાજપ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સુરત એરપોર્ટથી ખજોદ ખાતેનાં ડાયમંડ બુર્સ સુધીનાં રસ્તા પર છ જેટલા સ્વાગત પોઈન્ટ બનાવવામાં આવશે. જયા વડાપ્રધાન મોદીનું ઢોલ-નગારા અને પુષ્પવર્ષાથી સ્વાગત કરવામાં આવશે.

શહેરનાં તમામ ધારાસભ્યોને સ્વાગત પોઈન્ટ પરની વ્યવસ્થાની જવાબદારી સોંપવામાં આવી છે. પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલનાં અધ્યક્ષસ્થાને એક બેઠક મળી હતી. જેમાં વડાપ્રધાન મોદીના કાર્યક્રમને લઈ ચાલતી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.દરમ્યાન સંગઠનના હોદેદારો તેમજ




ધારાસભ્યોને જવાબદારી પણ સોંપવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમને સફળ બનાવવા માટે શહેર પ્રમુખની આગેવાની હેઠળ ભાજપ કાર્યાલય ખાતે અગત્યના કાર્યકરોની બેઠક બોલાવવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં આગમનને લઈ ભાજપનાં કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મોટા ઔદ્યોગીક એકમ ડાયમંડ બુર્સ તથા સુરત શહેર ખાતે શરૂ થનારા આંતર રાષ્ટ્રીય હવાઈ ટર્મીનલનું કાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે.વર્ષ ૨૦૨૨ માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી દરમ્યાન ૨૯ સપ્ટેમ્બરના રોજ રોડ લિબાયત ખાતે રોડ-શો કર્યા બાદ નિલગીરી ગ્રાઉન્ડ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરસભા સંબોધી હતી. સવા વર્ષ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરત આવી રહ્યા હોય તેમના સ્વાગત માટેની તડામાર તૈયારીઓ શહેર ભાજપ દ્વારા કરવામાં આવી રહી છે. સુરત એરપોર્ટ પર વડાપ્રધાન મોદીનું આગમન થયા બાદ તેમનુ ઢોલ-નગારા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ખુબ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ એરપોર્ટની બહાર ઉપસ્થિત રહે

તેવુ આયોજન શહેર ભાજપ દ્વારા કરવામાં આવ્યુ છે. સુરત એરપોર્ટ ખાતેના આંતર રાષ્ટ્રીય હવાઈ ટર્મીનલનુ લોકાર્પણ કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ડાયમંડ બુર્સનુ લોકાર્પણ કરવામાં આવશે.

# સિંગાપોરમાં કોરોનાના કેસ એકાએક વધ્યાઃ ૫૬૦૦૦ કેસ નોંધાતા ખળભળાટ




**મુખ્ય સમાચાર, સિંગાપોર**

દુનિયામાં હાલ કોરોનાના વળત પાણી છે ત્યારે સિંગાપોરમાં એકાએક કોરોનાના કેસ વધી ગયા છે. સિંગાપોરમાં કોરોનાના ૫૬ હજાર જેટલા કેસ નોંધાતા સરકારે લોકોને માસ્ક પહેરવાની અપીલ કરી છે. જો લોકો બીમાર નથી તો પણ તેને માસ્ક પહેરવાનું કહેવામાં આવી રહ્યું છે.

આ અંગેની વિગત મુજબ સિંગાપોરમાં કોરોનાના કેસો વધવા માંડયા છે. ઉલ્લેખનીય છે કે આ આંકડા ગત સપ્તાહના છે. તેના પહેલાના સપ્તાહે આ આંકડો ૩૨ હજારનો હતો. કોરોનાના વધતા કેસોને લઈને સિંગાપોરના સ્વાસ્થ્ય મંત્રાલયે ૧૯ ડિસેમ્બરથી રોજનું અપડેટ જાહેર કરવાનો નિર્ણય લીધો છે.

સિંગાપોરની સરકારે લોકોને ભીડવાળા વિસ્તારોમાં માસ્ક પહેરવાની સલાહ આપી છે. ખાસ કરીને બુઝુર્ગ લોકો સાથે રહેનારા લોકોએ તો ઘરમાં પણ માસ્ક પહેરવાની સલાહ અપાઈ છે. સિંગાપોરના સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ટુંક સમયમાં જ સિંગાપોર એકસ્પો હોલ નં.૧૦માં કોરોના દર્દીઓના બેડ લગાવવામાં આવશે.

હાલ સિંગાપોરમાં કોરોના સંક્રમણવાળા દાખલ થતા દર્દીઓની સરેરાશ રોજની સંખ્યા ૨૨૫ થી ૨૩૦ છે. ભારતમાં પણ વધ્યા કોરોનાના કેસઃ ભારતમાં પણ કોરોનાના કેસમાં વધારો થયો છે. જો કે કોઈ ચિંતાજનક પરીસ્થિતિ નથી. શુક્રવારે દેશમાં કોરોનાના ૩૧૨ નવા કેસ બહાર આવ્યા હતા, જેમાં એકલા કેરળમાંથી ૨૮૦ કેસ નોંધાયા છે. જે દર્દીઓ છે તેમાં કોઈ ગંભીર લક્ષણો નથી.

# સંસદમાં ઘુસેલા લોકોનો અરાજકતા ફેલાવવાનો હતો ઈરાદો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભામાં સ્મોકત્રેકર્સ સાથે ઝંપલાવનારા લોકો સાથે સંકળાયેલા કેસમાં, તપાસકર્તાઓએ શુક્રવારે દિલ્હીની એક કોર્ટને જણાવ્યું હતું કે સંસદની સુરક્ષા માટે આઘાતજનક ખતરો પેદા કરવા માટે જવાબદાર જૂથ દેશમાં અરાજકતા પેદા કરવા માંગે છે. તેમનો ઈરાદો સરકારને તેમની 'ગેરકાયદેસર' માગણીઓ પૂરી કરવા દબાણ કરવાનો હતો. હવે તપાસનું ધ્યાન પાંચમા આરોપી લલિત મોહન ઝા પર કેન્દ્રિત થયું છે. જેનું ષડયંત્ર પાછળ માસ્ટરમાઈન્ડ હોવાનું કહેવાય છે. સાત દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવેલા ઝાએ ગુરુવારે મોડી રાત્રે ધરપકડ કરતાં પહેલાં પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલ હવે લલિત ઝા સાથે કથિત રીતે સંકળાયેલા બે લોકોની ભૂમિકાની તપાસ કરી રહી છે, જેમની ઓળખ રાજસ્થાનના નાગૌરના રહેવાસી બે ભાઈઓ કૈલાશ કુમાવત અને મહેશ કુમાવત તરીકે કરવામાં આવી છે. તપાસકર્તાઓએ એડિશનલ સેશન્સ જજ હરદીપ કૌરને રિમાન્ડની અરજી સોંપી હતી. જેમાં એવું કહેવામાં આવ્યું હતું કે ઝાએ કથિત રીતે આ કેસમાં પોતાની સંડોવણીની કબૂલાત કરી છે. આ કેસથી માહિતગાર લોકોના જણાવ્યા મુજબ, રિમાન્ડ અરજીમાં ખુલાસો થયો છે કે તમામ આરોપીઓ ઘણી વખત મળ્યા હતા અને કાવતરું ઘડ્યું હતું.

પોલીસ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું હતું કે ઝાએ ખુલાસો કર્યો હતો કે તે દેશમાં અરાજકતા પેદા કરવા માગે છે જેથી કરીને તે સરકારને તેમની ગેરકાયદે માગણીઓ પૂરી કરવા દબાણ કરી શકે. ઉલ્લેખનીય છે કે બુધવારે લોકસભામાં આ ઘૂસણખોરી ૨૦૦૧ના સંસદ હુમલાની વરસી પર થઈ હતી. આ કેસમાં ધરપકડ કરાયેલા તમામ આરોપીઓએ સૌપ્રથમ સ્વતંત્રતા સેનાની ભગત સિંહને સમર્પિત ફેસબુક પેજના સભ્યો તરીકે વાતચીત કરવાનું શરૂ કર્યું.

# 'ભારતમાં ફક્ત ૫% વસતી જ વીમો ધરાવે છે..' નેશનલ ઈન્શ્યોરન્સ એકેડમીના રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતની માત્ર ૫ ટકા વસતીની પાસે જ વીમો છે. હજુ પણ દેશની ૯૫ ટકા વસતી વીમાને મહત્વ આપી રહી નથી. આ ચોંકાવનારો ખુલાસો નેશનલ ઈન્શ્યોરન્સ એકેડમીના રિપોર્ટ દ્વારા થયો છે. સરકાર અને વીમા નિયમનકાર ઈરડાના તમામ પ્રયત્નો છતાં લોકો વીમા કરાવવાને મહત્વ આપી રહ્યા નથી. આ અસફળતાના કારણે દેશના ૧૪૪ કરોડ લોકોના જીવ અને સંપત્તિ પર સતત જોખમ બની રહે છે. ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરમેન દેવાશીષ પાંડાએ આ રિપોર્ટ જારી કરતા વીમા કંપનીઓને વધુ શ્રેષ્ઠ પ્રયત્નની અપીલ કરી.

રિપોર્ટ અનુસાર દેશની ૯૫ ટકા વસતીની પાસે વીમો નથી. તેથી કુદરતી આફતો અને આબોહવા સંબંધિત અન્ય આપત્તિઓના કારણે જોખમ મંડરાયેલુ રહે છે. વીમા કંપનીઓએ પોતે પ્રસાર કરવો પડશે. નિમ્ન અને મધ્યમ આવક વર્ગના ૮૪ ટકા લોકો અને દરિયાકાંઠાના વિસ્તારો, સેકન્ડ અને થર્ડ કેટેગરીના શહેરોના ૭૭ ટકા લોકોની પાસે વીમો નથી. રિપોર્ટ અનુસાર ૭૩ ટકા વસતીની પાસે હજુ સુધી આરોગ્ય વીમો પણ નથી.

આઈઆરડીએઆઈએ ઈન્ડસ્ટ્રીને કહ્યુ કે તેઓ તે પગલા પર ધ્યાન આપે, જેની મદદથી યૂપીઆઈ, બેન્ક એકાઉન્ટ અને મોબાઈલને સમગ્ર દેશમાં ફેલાવવામાં આવી શકે. પાંડાએ કહ્યુ કે હાઈ રિસ્ક વાળા વિસ્તારોમાં કુદરતી આપત્તિ વીમાને જરૂરી કરવાની જરૂર છે. રિપોર્ટમાં તેની ભલામણ પણ કરવામાં આવી છે. તમામ માટે ઈન્શ્યોરન્સના ટાર્ગેટને પ્રાપ્ત કરવા માટે આવુ કરવુ જરૂરી છે.ભારતમાં હજુ ૩૪ સામાન્ય વીમા કંપનીઓ અને ૨૪ જીવન વીમા કંપનીઓ કામ કરી રહી છે. વીમા ક્ષેત્ર ખૂબ મોટુ છે. આ ૧૫-૨૦ ટકાની ઝડપથી વધી રહ્યુ છે. આઈઆરડીએઆઈ અનુસાર બેન્કિંગ સેવાઓની સાથે વીમા સેવાઓ દેશની જીડીપીમાં લગભગ ૭ ટકાનું યોગદાન કરે છે. એક સારા પ્રકારે વિકસિત વીમા ક્ષેત્ર આર્થિક વિકાસ માટે ખૂબ જરૂરી છે.

# નકલી ટોલનાકા કેસમાં બે આરોપીઓની આગોતરા જામીન અરજી ફગાવતી મોરબી કોર્ટ






**મુખ્ય સમાચાર, જામનગર**

વાંકાનેરના વઘાસીયા નકલી ટોલનાકા પ્રકરણમાં બે આરોપીઓએ આગોતરા જામીન મેળવવા અરજી કરતા નામદાર કોર્ટે બન્ને આરોપીઓની જામીન અરજી નામંજુર કરી હતી.

મળતી વિગત મુજબ વાંકાનેરના વઘાસિયા નજીક નકલી ટોલનાકા કેસમાં કુલ પાંચ આરોપીઓ વિરુદ્ધ નામજોગ ફરિયાદ થઇ હતી જે પૈકીના આરોપી ધર્મેન્દ્રસિંહ ઝાલા અને યુવરાજસિંહ ઝાલાએ આગોતરા જામીન મેળવવા મોરબી કોર્ટમાં અરજી કરતા મોરબી નામદાર સેશન્સ કોર્ટના જજ વિ.એ. બુદ્ધસાહેબ દ્વારા બન્ને આરોપીઓની આગોતરા જામીન અરજી ફગાવી દેવામાં આવી હતી.

# ઉતરાયણ પર્વ પર ચાઈનીઝ દોરા તથા તુક્કલના ઉત્પાદન, ઉપયોગ તથા વેચાણ પર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.આગામી.તા.૧૪/૦૧/૨૦૨૪ના રોજ મકરસંક્રાંતિનો તહેવાર ઉજવવામાં આવનાર છે. મકરસંક્રાંતિ દરમિયાન જામનગર જિલ્લામાં લોકો દ્વારા બહોળા પ્રમાણમાં પતંગો, ચાઈનીઝ લેન્ટર્ન અને તુક્કલ ઉડાવવામાં આવે છે. આવા પતંગોની બનાવટમાં પ્લાસ્ટિક દોરી, સિન્થેટિક અને ઝેરી મટીરીયલ, લોખંડનો ભુક્કો, કાચ વગેરે હાનિકારક વસ્તુઓથી તૈયાર કરાયેલા પાકા દોરા, ચાઈનીઝ દોરી અને માંઝાનો ઉપયોગ થાય છે. આવા દોરાના કારણે માણસો અને અબોલ જીવો ગંભીર રીતે ઘાયલ થતા



હોવાના અને મૃત્યુ પણ થતા હોવાના બનાવો બનતા હોય છે. ચાઈનીઝ તુક્કલ.લેન્ટર્નની બનાવટમાં નબળા ગુણવતાયુક્ત વેક્સ પદાર્થોને કારણે પર્યાવરણને નુકસાન થાય છે. તેમજ આવા સળગતા તુક્કલ ગમે તે સ્થળે પડવાથી જાનમાલ અને સંપત્તિને ઘણું નુકસાન થાય છે.આથી આવા દોરાઓથી માણસો અને અબોલ જીવોને થતી વિપરીત અસર નિવારી શકાય તે માટે યોગ્ય નિયંત્રણ મૂકવું જરૂરી જણાય છે. આવા દોરા 'નોન બાયોડીગ્રેડીબલ' હોય છે. પતંગોત્સવ દરમિયાન તૂટેલા અને વણ-વપરાયેલા દોરાઓ જમીન પર પડી રહેવાથી પાણીના નિકાલની ગટર, પાઇપલાઇનો અને કુદરતી પાણીના વહેણ અવરોધાય છે.ગાયો અને અન્ય પ્રાણીઓના ચારામાં આવા પ્લાસ્ટિકના દોરાઓ ભળી જતા હોવાથી પશુ મૃત્યુના બનાવો બનતા હોય છે. તેમજ વીજ લાઈનમાં પણ વિક્ષેપ ઉભા થતા હોય છે. જેથી શોર્ટ સર્કિટ થતા ગંભીર ઈજાઓ અને માનવ મૃત્યુના બનાવો બનવા પામે છે. તેથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બી.એન. ખેર, જામનગર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ જિલ્લામાં કોઈએ પણ આગામી તા.૧૬/૦૧/૨૦૨૪ સુધી પતંગો ઉડાડવા માટે પ્લાસ્ટિક, સિન્થેટિક કે ઝેરી મટીરીયલ, લોખંડનો ભૂકો, કાચ વગેરેથી તૈયાર કરાયેલા પાક દોરા કે, જેમાં ખાસ કરીને ચાઈનીઝ બનાવટના દોરાનો તથા ચાઈનીઝ લેન્ટર્ન કે તુક્કલના ઉત્પાદન, ઉપયોગ કે વેચાણ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ-૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

# જામનગર જી.જી હોસ્પિટલ અને ડેન્ટલ કોલેજ દ્વારા વર્લ્ડ ડિસેબિલિટી દિવસ તેમજ નેશનલ પીડોડોન્ટીસ્ટ દિવસની ઉજવણી કરાઇ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલના પીડિયાટ્રીક્સ અને પ્રીવેન્ટીવ ડેન્ટીસ્ટ્રી વિભાગ તેમજ જી.જી. હોસ્પિટલના બાળ વિભાગના સહયોગથી. વર્લ્ડ ડિસેબિલિટી દિવસ તેમજ નેશનલ પીડોડોન્ટીસ્ટ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.



જેમાં ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજના સ્પેશિયલ વિદ્યાર્થીઓ માટે ટુથબ્રશ બનાવવાની હરીફાઈ રાખવામાં આવી હતી અને વિજેતા વિદ્યાર્થીઓને એવોર્ડ અને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રોગ્રામમાં ૫૦ જેટલા બાળકોએ ઉપસ્થિત રહી લાભ લીધો હતો. ડેન્ટલ કોલેજના ડોકટોરોએ આ સ્પેશ્યલ બાળકોના માતા-પિતાને મો તથા દાંતની સંભાળ કઈ રીતે રાખવી તે અંગે માર્ગદર્શન પણ આપ્યું હતું.આ કાર્યક્રમમાં ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજના ડીન. ડો. નયનાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સ્પેશ્યલ બાળકો માટે ડો. લીના જોબનપુત્રા, ડો.જીતેન્દ્ર કુલબુર્ગે તેમજ ડો. હીના રૈનાના માર્ગદર્શન હેઠળ આ હરીફાઈ યોજવામાં આવી હતી. આ દિવસને સફળ બનાવવામાં જી.જી. હોસ્પિટલના ડો. સોનલ શાહ તથા તેમની ટીમ તેમજ ડેન્ટલ કોલેજના ડો.વિપીન આહુજા,ડો.કેયુર જોશી,ડો.વર્ષા શુકલ,ડો.મંદાકિની નલિયાપરા તેમજ ડો. ખુશ્બ જોશી એ જહેમત ઉઠાવી હતી.

# ટંકારા તાલુકાના વીરપર ગામે છાતીમાં દુઃખાવો ઉપડતા સારવાર મળે તે પહેલા મહિલાનું પ્રાણ પંખેરું ઉડી ગયું

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી મુજબ ટંકારા તાલુકાના વીરપર ગામે શોભનાબેન કાનજીભાઇ ઉધરેજા ઉ.વ ૪૭ વાળા તેના પતિ સાથે મોટરસાયકલ લઈને વાડીએ ખડ લેવા જતા હતા તે વખતે ડો. દેત્રોજાની વાડી પાસે પહોંચતા શોભનાબેનને અચાનક છાતીમાં દુખાવા સાથે ચક્કર આવતાં નીચે પડી જતા બેભાન થઈ જતા મોરબી સીવીલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે ટંકારા પોલીસે અ.મોત રજી.કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં આર્થિક રીતે નબળા વર્ગના પરિવાર માટે પ્રધાનમંત્રી આવાસ યોજના આશીર્વાદરૂપ બની

**મુખ્ય સમાચાર, જામનગર**

આર્થિક રીતે નબળા વર્ગનાં પરિવારો માટે આશીર્વાદરૂપ બની છે પ્રધાનમંત્રી આવાસ યોજના.રોટી, કપડાં અને મકાન એ માનવજીવનની ત્રણ પ્રાથમિક જરૂરિયાત છે. પોતાનું પાકું મકાન હોય, પોષણક્ષમ આહાર મળી રહે તેવું દરેક વ્યક્તિનું સ્વપન હોય છે. કેન્દ્ર સરકારના માર્ગદર્શન હેઠળ કાર્યરત પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ ગ્રામ્ય વિસ્તારોના આર્થિક રીતે નબળા વર્ગના વ્યક્તિઓના પાકા મકાનના સ્વપનને વાસ્તવિકતામાં સાકાર કરવામાં





અનેરી ભૂમિકા ભજવી છે.દેશનો કોઈપણ નાગરિક કોઈપણ પ્રકારની સરકારી સહાયથી અજાણ ના રહે તે ઉદ્દેશ્યથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રા શરૂ કરવામાં આવી છે. લાલપુર તાલુકાના ઝાંખર ગામમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાના ભાગરૂપે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને મંજુરીપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા. ઝાંખર ગામના લાભાર્થી રમેશભાઈ ધુળીયાને પ્રધાનમંત્રી આવાસ યોજના.ગ્રામીણનો લાભ મળ્યો છે.લાભાર્થી રમેશભાઈ ધુળીયાએ જણાવ્યું હતું કે,અમારો પરિવાર આ પૂર્વે કાચા મકાનમાં રહેતો હતો. કાચા મકાનને કારણે વરસાદમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. વારંવાર જુના મકાનમાં રીપેરીંગ ખર્ચ આવતો હતો. જેથી મારા બાળકો સરખી રીતે અભ્યાસમાં ધ્યાન આપી શકતા ના હતા. મેં લાલપુર તાલુકા પંચાયતમાં જઈને પ્રધાનમંત્રી આવાસ યોજના- ગ્રામીણ વિષે જાણકારી મેળવી હતી. ત્યારબાદ આ યોજનાનો લાભ મેળવવા માટે મેં અરજી કરી હતી. મારી અરજી પસાર થઈ જતા મને રૂ.૧,૪૦,૦૦૦ ની સહાય પ્રાપ્ત થઈ છે. જેથી અમે અમારું પાકું મકાન બનાવી શક્યા છીએ. હું મારા પરિવાર સાથે અત્યારે નવા પાકા મકાનમાં રહું છું અને પોતાનું પાકું ઘર જોઈને ખૂબ જ હર્ષની લાગણી અનુભવું છું. અમને અમારું પોતાનું નવું મકાન પ્રાપ્ત થયું છે, તે બદલ હું અને મારો પરિવાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને રાજ્ય સરકારનો ખૂબ-ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ.

# મોરબી જીલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને જીલ્લા સંકલન સહ ફરિયાદ બેઠક યોજાઈ

## વિકાસકાર્યોને લગતા વિવિધ મુદ્દે ધારાસભ્યોએ રજૂઆત કરી સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા આયોજન ઘડી કાઢવા સુચનો કર્યા

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** મોરબી જીલ્લા કલેકટર જી.ટી. પંડ્યાના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરીના સભાખંડ ખાતે ડિસેમ્બર માસની મોરબી જીલ્લા સંકલન સહ ફરિયાદ બેઠક યોજાઈ હતી.



આ બેઠકમાં મોરબી ધારાસભ્ય કાન્તીભાઇ અમૃતિયા, હળવદ ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા, વાંકાનેર ધારાસભ્ય જીતુભાઈ સોમાણી દ્વારા વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં આંગણવાડીના મકાન ફાળવણી, શિક્ષકની ભરતી, જમીન દબાણ, વિચરતી જાતીને જમીન વહેંચણી, સ્ટ્રીટ લાઈટ, પેટા કેનાલ, ગૌચરના રસ્તા પર દબાણ, જી.આઈ.ડી.સી.ના બાંધકામ, પાણી સહિતના વિવિધ પ્રશ્નોની સમીક્ષા કરી સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા માટે જણાવ્યું હતું.

સર્વે ધારાસભ્યોએ અધિકારીઓને એક સૂરમાં વિકાસ કાર્યોમાં સક્રિય સહભાગી થવા અને નિયમોનુસાર કામગીરી કરવા અપીલ કરી ભારત દેશને આગામી ૨૦૪૭માં વિકસીત રાષ્ટ્ર બનાવવા પોતાનો સહયોગ આપવા જણાવ્યું હતું.

આ બેઠકમાં જીલ્લા કલેકટર સાથે જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારઘી, મોરબી-માળિયા ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા, હળવદ ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા, વાંકાનેર ધારાસભ્ય જીતુભાઈ સોમાણી, જીલ્લા વિકાસ અધિકારી ડી.ડી. જાડેજા, જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી, નિવાસી અધિક કલેકટર એન.કે. મુછાર, મોરબી પ્રાંત અધિકારી સુશિલ પરમાર, વાંકાનેર પ્રાંત અધિકારી એ.એચ. શિરેશિયા, સહિત જીલ્લા વહીવટી તંત્રના વિવિધ વિભાગો અને કચેરીઓના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દારૂના વ્યસની પતિએ છીનવી લીધેલા દોઢ વર્ષના બાળકનું માતા સાથે પુનઃમિલન કરાવતું સખી વન સ્ટોપ સેન્ટર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સખી વન સ્ટોપ સેન્ટર ખાતે મદદની આશાએ પહોંચે છે પોતાના જ પતિ દ્વારા પ્રતાડિત એક મહિલા અડધી રાત્રે જામનગરના સખી વન સ્ટોપ સેન્ટર ખાતે મદદની આશાએ પહોંચે છે અને જણાવે છે કે તેનું દોઢ વર્ષનું બાળક તેના પતિએ છીનવી લીધું છે.તેનો પતિ દારૂનો વ્યસની છે અને અવારનવાર તેની સાથે ઝઘડા કરી મારકુટ કરે છે અને શારીરિક તથા માનસિક ત્રાસ આપે છે.થોડા દિવસ અગાઉ મને મારા પતિએ માર મારી ઘરમાંથી કાઢી મૂકી અને મારૂ દોઢ વર્ષનું બાળક મારી પાસેથી છીનવી લીધું છે.





મહિલાની આપવિતી સાંભળી સેન્ટરના કેન્દ્ર સંચાલિકા હેતલબેને મહિલાના પતિ સાથે ટેલીફોન વાતચીત શરૂ કરી અને તેને સેન્ટર પર હાજર થવા જણાવ્યું પરંતુ તે સેન્ટર પર આવવા તૈયાર ન હતો કે બાળકને પણ પરત આપવા તૈયાર ન હતો.આ વ્યક્તિ દારૂનો વ્યસની હોય જેથી તે બાળકની કાળજી લેવા સક્ષમ નથી તેમજ બાળકની સુરક્ષા સહિતની બાબતોને ધ્યાને લઈ સખી વન સ્ટોપ સેન્ટરના કર્મીઓ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનની મદદ વડે તુરંત જ મહિલાના ઘરે પહોંચ્યા હતા અને પતિ પાસેથી બાળક પરત મેળવી તેની માતાને સોંપ્યુ હતું. પોતાનું વ્હાલસોયુ બાળક પરત મળતા મહિલાએ વન સ્ટોપ સેન્ટર તથા અભય મહિલા હેલ્પલાઇનની ટીમનો ખરા હૃદયથી આભાર વ્યક્ત કર્યો હતો.

# સરકારી યોજનાઓ સાથે સાંકળવા ગામે ગામ ખુંદતી વિકસિત ભારત સંકલ્પ યાત્રા મંદરકી ગામે પહોંચી

## મોરબી જીલ્લામાં માળિયા તાલુકાના મંદરકી ગામે રથને અક્ષત ફૂલડે વધાવી અપાયો અનેરો આવકાર

**મુખ્ય સમાચાર, મોરબી**

૨૦૪૭ નું ભારત એટલે વિકસિત અને આત્મનિર્ભર ભારત આ છે ભારતના જન જનનું સ્વપન અને આ સપનાની ઉડાન તરફનું એક પગલું એટલે વિકસિત ભારત સંકલ્પ યાત્રા. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના દરેક નાગરિકની આંખોમાં છલકી રહ્યું છે અને હોઠ પર મલકી રહ્યું છે સૌના સપનાનું ભારત, વિકસિત ભારત. ત્યારે આ સપનાને સાકાર કરવા ભારતના દરેક વ્યક્તિ સુધી જન કલ્યાણની યોજનાઓ પહોંચાડવાના હેતુથી વિકસિત ભારત સંકલ્પ યાત્રા સમગ્ર રાષ્ટ્રમાં ચલાવવામાં આવી રહી છે.



વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથ થકી ગામે ગામ ખુંદી સરકારી યોજનાઓના લાભ સાથે છેવાડાના તેમજ વંચિત લોકોને સાંકળી લેવા પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. જે અન્વયે આજે મોરબી જીલ્લામાં માળિયા તાલુકાના મંદરકી ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આગમન થયું હતું. ગામના આગેવાનોની ઉપસ્થિતિમાં ગામની બાળાઓએ અક્ષત ફૂલડે વધાવી રથનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની ગ્રામજનોને જાણકારી આપવાની સાથે લાભાર્થીઓને પ્રમાણપત્ર અને સહાય વિતરણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ અન્વયે મેરી કહાની મેરી જુબાની અંતર્ગત આયુષ્માન કાર્ડ, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધી, પ્રધાનમંત્રી આવાસ યોજના સહિત વિવિધ યોજનાઓના લાભાર્થીઓએ પોતે મેળવેલ વિવિધ સહાયની સાફલ્ય ગાથા રજૂ કરી હતી. આ સાથે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અન્વયે આયુષ્માન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહાનુભાવો હસ્તે મંદરકી ગ્રામ પંચાયતમાં સો ટકા નલ સે જલ યોજના હેઠળ શ્રેષ્ઠ કામગીરી બદલ સરપંચને પ્રમાણપત્ર આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આ પ્રસંગે સર્વે ઉપસ્થિતોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અન્વયે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેકર્ડ કરેલો સંદેશો સાંભળ્યો હતો. ભારતની વિકાસ યાત્રાને પ્રદર્શિત કરતી પ્રદર્શન ફિલ્મ પણ સૌએ નિહાળી હતી.

આરોગ્ય વિભાગના સ્ટોલ ઉપર નાગરિકોના આરોગ્યની તપાસણી કરવામાં આવી હતી. શાળાની બાળાએ દ્વારા રાસાયણિક ખાતરની આડઅસરો અને પ્રાકૃતિક ખેતીને પ્રાધાન્ય આપતું પ્રકૃતિ સંવર્ધન માટેનું નાટક રજૂ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવો તથા ગ્રામજનો વિકસિત ભારત માટેના શપથ લઈને દેશના વિકાસમાં વધુને વધુ પોતાનું યોગદાન આપવા સંકલ્પબદ્ધ થયાં હતાં.

આ તકે મંદરકી ગામના પાદરે આવેલા ખેતરમાં ડ્રોન ટેકનોલોજીથી નેનો યુરિયા ખાતરનો છંટકાવ કરવા અંગે લાઈવ ડેમોસ્ટ્રેશન આપવામાં આવ્યું હતું. આ ડેમોસ્ટ્રેશનની સાથે ખેડૂતોને યુરિયા ખાતરના ફાયદાઓ તેમજ ડ્રોન ટેકનોલોજીના ફાયદાઓ અંગે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે મંદરકી ગામના સરપંચશ્રી, ગામના આગેવાનશ્રીઓ, વિવિધ સરકારી કચેરીઓનાઅધિકારીઓ/કર્મચારીઓ તથા મંદરકીના ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા

# જી.એચ.સી.એલ ફાઉન્ડેશન દ્વારા ૧૬૨ પગડીયા માછીમાર પરિવારોને જરૂરી વ્યવાસાયીક સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યુ

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** જી.એચ.સી.એલ દ્વારા પોતાની સામાજીક ઔધ્યોગીક જવાબદારી અંતર્ગત છેલ્લા દસ વર્ષથી પોતાના કાર્ય વિસ્તારમાં વિવિધ લોક કલ્યાણકારી, ગ્રામીણ વિકાસની પ્રવ્રુતીઓનું અમલીકરણ કરવામાં આવી રહ્યુ છે. આ જવાબદારી અંતર્ગત વર્ષ ૨૦૨૨થી કંપની દ્વારા પોતાના કાર્યક્ષેત્ર એવા ચાંચ બંદર,ખેરા, ભેરાઇ, કથીવદર અને વિકટર ગામનાં અંદાઝીત ૮૦૦ જેટલા પગડીયા માછીમારી સમુદાયની આજીવિકાસ સુધારણા અર્થે કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યો છે. આ મત્સ્ય પાલન આજીવિકા કાર્યક્રમ અંતર્ગત કંપની દ્વારા પગડીયા માછીમારી સમુદાયનું ક્ષમતા વર્ધન થાય, તેમની આજીવિકામાં વધારો થાય, તેમના બાળકો શૈક્ષણીક ક્ષેત્રમાં આગળ વધે અને આ સમગ્ર સમુદાયનું જીવન ધોરણ ઉચુ આવે તે માટેનાં વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આજના કાર્યક્રમમાં કંપની દ્વારા પગડીયા માછીમારી પરીવારોમાંથી ૭૫ પરિવારોને વજન કાંટા, ૪૨ પરિવારોને આઇસ બોક્સ અને ૪૫ પરિવારોને ફિશીંગ નેટ જેવા માછીમારી માટે જરૂરી એવા સહાયક સાધનોનું વિતરણ જી.એચ.સી.એલ.ની સી.એસ.આર ઓફીસ ખાતેથી વિતરણ કરવામાં આવ્યુ હતુ.આ સમગ્ર કાર્યક્રમનું આયોજન એસ.એસ.સી.ડી વિકટર જી.એચે.સી.એલનાં ડેપ્યુટી મેનેજર રમેશભાઇ મક્વાણાનાં માર્ગ દર્શન હેઠળ કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં કંપનીનાં જનરલ મેનેજર જોષી અને મેનેજર આરીફભાઇ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સી.એસ.આર ટીમેજહેમત ઉઠાવેલી તેમજ કાર્યક્રમનું સંચાલન રવિ સોલંકી દ્વારા કરવામાં આવ્યુ હતુ.



# હિન્દુસ્તાન કોકાકોલાના નવા પ્લાન્ટ તેમજ નવી જીઆઈડીસી ખરાબા વિસ્તારમાં ફાળવવા સરકારને રજૂઆત કરતાં ભૂપતભાઈ બોદર

## મેસાવડા બારવણ પારેવાડા નો સરકારી ખરાબાની જમીન વિસ્તાર નવનિર્માણ પામેલ એર કાર્ગોની સુવિધા યુક્ત હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ થી તદ્દન નજીક સૌરાષ્ટ્ર ના પાટનગર સમા રાજકોટ જીલ્લા નો આ વિસ્તાર ઔદ્યોગિક વિકાસ માટે તમામ પ્રકારે સાનુકૂળ મુખ્યમંત્રીને રજુઆત કરતા ભૂપતભાઈ બોદર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને માન્ય પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર સતત લોકકલ્યાણ કારી યોજનાઓ દ્વારા રાજ્યના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે અને અનેક લોકકલ્યાણ કારી યોજનાઓ ના લાભો છેવાડાના માનવી સુધી પહોંચાડી ''જ્યાં માનવ ત્યાં સુવિધા''ના સૂત્ર ને સાર્થક કરી રહી છે ત્યારે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રારંભ કરેલ વાઈબ્રન્ટ સમિટ દ્વારા ઓદ્યોગીક રોકાણકારો ને ગુજરાત માં રોકાણ કરવા માટે સાનુકૂળ વાતાવરણ અને તકો પુરી પાડી ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્ર ને નવી ઉંચાઈએ પહોંચાડી ગુજરાતના સર્વાંગી વિકાસની કેડી કંડારેલ જે વિકાસ યાત્રા ને મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગળ ધપાવવી રહ્યા છે ત્યારે હિન્દુસ્તાન કોકાકોલા બેવરજીસ એક પ્લાન રાજકોટ જિલ્લામાં સ્થાપવા જઈ રહી છે તે અનુસંધાને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સમક્ષ રાજકોટ જીલ્લા પંચાયતના પુર્વં પ્રમુખ ભૂપતભાઈ બોદરે કરેલી રજૂઆત પ્રમાણે રાજકોટ તાલુકાના બારવણ,મેસાવડા તથા પારેવાળા આ ત્રણે ગામના સીમાડે સંયુક્ત ખરાબા ની આશરે ૩૫૦ એકરથી વધારે જમીન આવેલ હોઈ તેમજ ૮ કિમી ની ત્રિજ્યામાં હિરાસર ઇન્ટરનેશનલ કાર્ગો એરપોર્ટ કનેક્ટિવિટી આવેલ છે અને રાજકોટ અમદાવાદ નેશનલ હાઇવે પણ તદન નજીકમાં હોઈ અને ઇન્ટરનલ રોડ રસ્તા ની પણ સારી કનેક્ટિવિટી આવેલી છે આ વિસ્તાર આર્થિક રીતે પછાત વિસ્તાર હોઈ કામદારો પણ સરળતાથી મળી રહેશે તેમજ નજીકમાંજ મચ્છુ નદી નું ઉદગમન સ્થાન તેમજ બેટી નદી પણ નજીકમાં આવેલી હોઈ ઉપરાંત સૌની યોજના લિંક પણ તદન નજીકમાં હોઈ પાણીની પણ સારા પ્રમાણ માં સવલત ઉપલબ્ધ હોઈ ઔદ્યોગિક વિકાસ માટે તમામ સાનુકુળ સંજોગો આવેલા છે ત્યારે રજુઆત ધ્યાને લઇ આ વિસ્તારમાં હિન્દુસ્તાન કોકાકોલા બેવરજીસ ના નવા પ્લાન્ટ તેમજ નવી જી આઈ ડી સી મંજુર કરી જમીન ફાળવવા માં આવે તો સૌરાષ્ટ્ર ના પાટનગર સમા રાજકોટ જિલ્લા નો આ વિસ્તાર વિકાસની હરણફાળ ભરી શકશે. તેમજ આ વિસ્તારના લોકોને મોટી સંખ્યામાં રોજગારી મળી રહેશે તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપુત, હિન્દુસ્તાન કોકાકોલા બેવરજીસના સીઈઓ જોન રોડરિક, ઉદ્યોગ કમિશનર શ્રીરાહુલ ગુપ્તા અને રાજકોટ કલેક્ટર શ્રીપ્રભવ જોશી સમક્ષ રજુઆત કરતા ભૂપતભાઈ બોદરે જણાવ્યું હતું.



# એલન રાજકોટનો વિદ્યાર્થી રૂદ્ર પેથાણી વર્લ્ડ ચેમ્પિયન બન્યો

## ઈન્ટરનેશનલ જુનિયર સાયન્સ ઓલિમ્પિયાડમાં ગોલ્ડ મેડલ જીત્યોઃ બેંગકોકમાં યોજાયેલા ફાઈનલ રાઉન્ડમાં ૫૪ દેશોના ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



(તસ્વીરઃ આનંદ જાવિયા)

એલેન કેરિયર ઇન્સ્ટિટ્યૂટ પ્રાઇવેટ લિમિટેડના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિયાડ્સમાં સતત શ્રેષ્ઠ પરિણામો મેળવી રહ્યા છે. આ ક્રમમાં એલન રાજકોટના ક્લાસરૂમ વિદ્યાર્થી રુદ્ર પેથાણીએ ૨૦મી ઈન્ટરનેશનલ જુનિયર સાયન્સ ઓલિમ્પિયાડમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. રૂદ્રની આ ઐતિહાસિક સફળતાની ઉજવણી માટે એલન રાજકોટ ખાતે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું અને કેક પણ કાપવામાં આવી હતી. આ પ્રસંગે એલન રાજકોટ સેન્ટર હેડ અમૃતાશ મુખર્જી, એડમિનિસ્ટ્રેશન હેડ વિકાસ શર્મા, પીએનસીએફ ડિવિઝન કોઓર્ડિનેટર અમીષ રાયમગીયા ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ૨૦મી IJSOમાં ભારતીય ટીમે ૬ મેડલ જીત્યા છે જેમાં ૫ ગોલ્ડ અને ૧ સિલ્વર મેડલનો સમાવેશ થાય છે. ભારતીય ટીમના આ તમામ વિદ્યાર્થીઓ ALLEN CAREER INSTITUTE ના છે. બેંગકોકમાં યોજાયેલી ફાઇનલમાં ૫૪ દેશોના 300 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ALLENના પાંચ વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલ અને ૧ વિદ્યાર્થીએ સિલ્વર મેડલ જીત્યો છે. જેમાં રુદ્ર પેથાણી, સોહમ પેડનેકર, કનિષ્ક જૈન, માહરૂફ ખાન, દિવ્યા અગ્રવાલે ગોલ્ડ મેડલ જીત્યા છે. જ્યારે અર્ચિત ભાલોડિયાએ સિલ્વર મેડલ મેળવ્યો છે. આ વિદ્યાર્થીઓએ બેંગકોકમાં ૧ થી ૯ ડિસેમ્બર દરમિયાન યોજાયેલી ૨૦મી IJSOમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

IJSOમાં ગોલ્ડ મેડલ જીતનાર રૂદ્ર પેથાણી રાજકોટનો રહેવાસી છે. રુદ્ર છેલ્લા ૨ વર્ષથી અક્કઉીગ રાજકોટનો ક્લાસરૂમ વિદ્યાર્થી છે અને ભવિષ્યમાં MIT (USA) યુનિવર્સિટીમાં એડમિશન લેવા માંગે છે. હાલ ૧૦મા ધોરણમાં અભ્યાસ કરે છે. રુદ્રએ કહ્યું કે જો તમે સ્ટ્રેટેજી બનાવીને શિસ્તબદ્ધ રીતે તૈયારી કરશો તો દરેક પરીક્ષામાં સફળતા મેળવી શકશો. રુદ્રના પિતા કૌશિક પેથાણી અને માતા હીના પેથાણી બંને ડોક્ટર છે. રુદ્રએ તેની શાનદાર જીતનો શ્રેય તેના પરિવારના તમામ સભ્યો, શિક્ષકો અને સમગ્ર એલન સિસ્ટમને સમર્પિત કર્યો છે.

# જામનગર વકીલ મંડળના પ્રમુખપદે સતત ૧૦મી વખત ભરત સુવા વિજેતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**







જામનગર બાર એસોસીએશનની ચૂંટણીમાં કારોબારી સમિતિના ૭ સભ્ય માટે આઠ ફોર્મ ભરાયા હતાં. જેમાંથી બે ફોર્મ રદ થતાં ૬ સભ્ય બિનહરીફ થયા હતાં. બાર એસોસીએશનની ચૂંટણીમાં પ્રમુખ પદ માટે હાલના અને ૯ વખત ચૂંટાયેલા ભરતભાઇ સુવા અને અનિલ મહેતા, નયન મણીયાર મેદાનમાં હતાં.જયારે જોઇન્ટ સેક્રેટરી પદ માટે દીપ શૈલષભાઇ ચંદારાણા, દીપકભાઇ ગચ્છર, જીતેન્દ્રભાઇ ગોસાઇ, લાઇબ્રેરી સેક્રેટરી તરીકે બ્રીજેશ ત્રિવેદી, રાહુલ ચૌહાણ, ખજાનચી પદ માટે એઝાઝ માજોઠી, અશરફઅલી ઘોરી, રૂચિર રાવલ ચૂંટણી જંગમાં હતાં. શુક્રવારે વકીલમંડળના રૂમમાં ચૂંટણીમાં મતદાન થયું હતું. જેમાં ૧૨૧૯ માંથી ૯૧૫ મત પડયા હતાં. મતગણતરીના અંતે પ્રમુખ પદે સતત ૧૦ મી વખત ભરતભાઇ સુવા, જોઇન્ટ સેક્રેટરી પદે દિપક ગચ્છર, લાયબ્રેરી સેક્રેટરી પદે બ્રિજેશ ત્રિવેદી અને ખજાનચી પદે રૂચીર રાવલ ચૂંટાયા હતાં. પ્રમુખ પદના હરીફ ઉમેદવાર અનિલ મહેતાને ૨૧૦, નયન મણીયારને ૪૧, જોઇન્ટ સેક્રેટરીમાં ડીપ ચંદારાણાને ૨૧૭, જીતેન્દ્ર ગોસાઇને ૧૪૪, લાઇબ્રેરી સેક્રેટરીમાં રાહુલ ચૌહાણને ૧૯૦, ખજાનચીમાં એઝાદ માજોઠીને ૨૪, અશરફઅલી ઘોરીને ૩૨૨ મત મળ્યા હતાં. ઉપપ્રમુખ અને સેક્રેટરી બંને ચૂંટણી પહેલા જ બિનહરિફ થયા હતા.

# ભાજપ લીગલ સેલ પ્રેરિત સમરસ પેનલનાં સમર્થનમાં

## આજે સાંજે યુવા વકિલ સંમેલનનું ભવ્ય આયોજનઃ કરાઓકે, કેમ્પ ફાયર, ગેમ્સ વીથ ફન, અનપ્લગ, કવીઝ, સેલ્ફીઝોન સહીતનાં અનેક આકર્ષણો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટના વકિલોના સંગઠન રાજકોટ બાર એસોસીએશનની ચુંટણી માં ભાજપ પ્રેરીત સમરસ પેનલના તમામ પદ પરના ઉમેદવારોએ ચુંટણી જંગમાં પોતાના વ્યાપક પ્રચાર આદરીયો છે ત્યારે રાજકોટનાં યુવા વકિલોમાં સમરસ પેનલનાં સમર્થનમાં જુવાળ જોવા મળી રહયો છે. ખૂબ મોટી સંખ્યામાં લેડીઝ-જેન્ટસ યુવા વકિલો સમરસ પેનલ સાથે જોડાઈ ચુકયા છે અને રોજબરોજ નવા લોકો ટીમ સાથે જોડાઈ રહયા છે ત્યારે આજે સાંજે વિરાણી હાઈસ્કુલ ગ્રાઉન્ડ્ ખાતે યુવા વકિલો માટે એક ખૂબ આકર્ષક કાર્યક્રમ નવિનત્તમ અભિગમ સાથે યોજાવા જઈ રહયો છે.

સમરસ પેનલ થકી પ્રમુખપદનાં ઉમેદવાર કમલેશભાઈ શાહ, ઉપપ્રમુખ પદે સુરેશભાઈ ફળદુ, સેક્રેટરી પદે પી.સી. વ્યાસ, જોઈન્ટ સેક્રેટરી પદે જયેન્દ્રભાઈ ગોંડલીયા, ટ્રેઝરર પદે આર.ડી. ઝાલા, લાઈબ્રેરી સેક્રેટરીપદે મેહુલ મહેતા, મહીલા અનામત કારોબારી સભ્યપદે શ્રીમતિ રેખાબેન લિંબાસીયા (પટેલ), કારોબારીનાં નવ સભ્યમાં સર્વે અમિત વેકરીયા, સાગર હપાણી, ભાવેશ રંગાણી, કૌશલ વ્યાસ, પ્રવિણ સોલંકી, રણજીત મકવાણા, અજયસિંહ ચૌહાણ, નિકુંજ શુકલ, યશ ચોલેરા સહિતનાં ઉમેદવારો શહેરભરમાં ધૂમ પ્રચાર કરી રહયા છે અને વકિલોની ઓફીસે ડોર ટુ ડોર પ્રચાર થઈ રહયો છે ત્યારે વકિલોનાં તમામ વર્ગો દ્વારા સમરસ પેનલને જંગી સમર્થન બની રહયું છે સાથે અગત્યનાં એવા યુવા વર્ગ પણ સમરસ પેનલ સાથે જોડાઈ ચુકયો છે. રાજકોટ બાર એસો. ક્રિમીનીલ બાર એસો., જુનીયર બાર એસો., મહિલા બાર એસો., એમ.એ.સીપી બાર એસો., યુવા લોયર્સ, લેબર બાર એસો, કન્ઝયુમર બાર એસો. રેલ્વે બાર એસો, ફેમીલી બાર એસો, રેવન્યુ બાર એસો, નોટરી બાર એસો, રેવન્યુ પ્રેકટીશ્નર બાર એસો, નોટરી પ્રેકટીશ્નર બાર એસો, ઈન્કમટેકસ-સેલ્સ ટેકસ બાર એસો, યુનિટી ઓફ લોયર્સ, એલ.એસ.એફ ગ્રુપ, વોઈસ ઓફ લોયર્સ સહીતના સીનીયર, જુનીયર મહિલા વકિલો જેમાં ખાસ કરીને યુવા વર્ગ ખૂબ મોટી સંખ્યામાં જોડાયેલા છે તે તમામ લોકો સમરસ પેનલ સાથે ખંભે ખંભો મીલાવીને પ્રચાર કાર્ય કરી રહયા છે.

વિરાણી હાઈસ્કુલ ગ્રાઉન્ડ ખાતે સમરસ પેનલનાં સમર્થનમાં યુવા વકિલ મહાસંમેલન યોજાવા જઈ રહીયુ છે જેમાં અનેકવિધ આકર્ષણોનો સમાવેશ કરવામાં આવેલ છે, યુવા વકિલો પોતાની ટેલેન્ટ રજુ કરી શકે તે માટે સુંદર પ્લેટફોર્મ પુરુ પડાશે, કરાઓકે દ્વારા અવનવા ગીતોનો ગુલદસ્તો રજુ કરવાની તક પણ મળશે, જ્ઞાનવર્ધક કવિઝ દ્વારા સાથે ફન વીથ ગેઈમ્સમાં વિજેતા થનાર તમામને ઈનામોથી નવાઝવામાં આવશે. આ શીયાળાની ફુલ ગુલાબી ઠંડીમાં કેમ્પ ફાયરનાં સથવારે પ્રેક્ષકો માટે શેરડી, જીંજરા, ચીકીની લહેજત સાથે અન પ્લગ નામનો તમામને પસંદ પડે તેવો ધમાકેદાર કાર્યક્રમ પણ માણશે. ઉમેદવારો સાથે યુવા વકિલોને ફોટોગ્રાફી કરવા માટે ખાસ સેલ્ફીઝોન બનાવવામાં આવેલ છે. આ અવનવા કાર્યક્રમને માણવા માટે યુવા વકિલોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહયો છે. મર્યાદીત લોકો માટે યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં વંચિત રહી ગયેલા યુવા વકિલોની લાગણીને ધ્યાને રાખીને વધુ ને વધુ લોકોને સમાવવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે યુવા વકિલોની એક ટીમ સતત કાર્યરત છે. જેમાં હર્ષિલ શાહ, અભિશેક શુકલ, ભુવનેશ શાહી, વિશાલ સોલંકી, હેમાંશુ પારેખ, વિશાલ કોટેચા, સંદીપ વેકરીયા, કૈલાશ જાની, કલ્પેશ મૈયડ, હર્ષ ઘીયા, પરાગ લોલારીયા, જસ્મીન ગઢીયા, ભરત પરમાર, સ્ત્વન મહેતા, પાર્થરાજસિંહ ઝાલા, હુશૈન હેરંજા, ધવલ પડીયા, શીવદિપસિંહ ઝાલા, રાજન કોટેચા, જીગર, દિપ વ્યાસ, ઝીલ, અક્ષય, મીલન જોષી, ચંદ્રસિંહ પરમાર, નિતીશ કથીરીયા, પારસ શેઠ, અમીત લાખાણી તેમજ મહીલા વકીલોમાં સર્વશ્રી પુનમ પટેલ, મેઘાવી ગર્જ્જર, હેપી પટેલ, કલ્પના ખોલીયા, ડીમ્પલ મોદી, રજનીબા રાણા, ચેતનાબેન કાછડીયા આ કાર્યક્રમને સફળ બનાવવા સતત જહેમત ઉઠાવી રહયા છે. આઈ.ટી. વિભાગને લગતી કામગીરી અને ફોટોગ્રાફી એડવોકેટશ્રી જસ્મીનભાઈ કે. ગઢીયા પોતાની આગવી શૈલીથી સંભાળી રહયા છે.

ભાજપ પદેશ લીગલસેલના સહ-સંયોજક અનિલભાઇ દેસાઇ, કારોબારી સભ્ય કિશોરભાઇ સખીયા, રાજકોટ ભાજપ લીગલ સેલ સંયોજક પીયુષભાઇ શાહ, સહ-સંયોજક કમલેશભાઇ ડોડીયાની રાંહબરી હેઠળ જીગ્નેશભાઈ શાહ, રક્ષીતભાઈ કલોલા, દિલેશભાઈ શાહના માર્ગદર્શન હેઠળ યુવા વકિલોની ટીમ આ કાર્યક્રમને ભવ્ય બનાવવા માટે તનતોડ મહેનત કરી રહી છે ત્યારે કાર્યક્રમમાં વિશાળ યુવા વકિલ વર્ગ હર્ષભેર જોડાશે તેમા બે મત નથી.

# રાજકોટ ડિવિઝન દ્વારા ડિવિઝનલ રેલવે ગ્રાહક સલાહકાર સમિતિની બેઠકનું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**



પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા ડિવિઝનલ રેલવે ગ્રાહક સલાહકાર સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં, સમિતિના અધ્યક્ષ અને ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી અશ્વની કુમાર અને સમિતિના સચિવ અને વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક સુનિલ કુમાર મીનાએ તમામ સભ્યો નું સ્વાગત કર્યું. ત્યાર બાદ શ્રી સુનિલ કુમાર મીનાએ માનનીય સભ્યોને રાજકોટ ડિવિઝન ની સિદ્ધિઓ અને મુસાફરો ને આપેલ યાત્રી સુવિધાઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. આ દરમિયાન સમિતિના સભ્યોએ પોતપોતાના વિસ્તારોની રેલવે સમસ્યાઓ, નવી ટ્રેનો દોડાવવા, ટ્રેનોના સ્ટોપેજમાં વધારો, ટ્રેનોનું વિસ્તરણ, ડબલ ટ્રેક વગેરે પ્રોજેક્ટ ઝડપથી પૂરા કરવા અને રાજકોટ ડિવિઝન ના વિવિધ સ્ટેશનો પર મુસાફરોની સારી સુવિધા ઉપલબ્ધ કરાવવા અંગે તેમના મૂલ્યવાન સૂચનો આપ્યા હતા. ડિવિઝનલ રેલવે મેનેજર અશ્વની કુમારે તમામ સભ્યોના સૂચનો પર ટૂંક સમયમાં યોગ્ય પગલાં લેવાની ખાતરી આપી હતી.

આ બેઠકમાં સભ્યો પાર્થિવકુમાર ગણાત્રા, પ્રવીણસિંહ ઝાલા, રમાબેન માવાણી, દીપક ભાઈ રવાણી, ચંદુભાઈ બારાઈ, ચંદ્રવદન પંડ્યા, નૌતમ બારસિયા, હરિકૃષ્ણ જોષી, . હેમુભાઈ પરમાર અને મયંકભાઈ રૂપારેલ ઉપસ્થિત રહ્યા હતા. આ મીટીંગ દરમિયાન રાજકોટ રેલવે ડીવીઝનના એડીઆરએમ શ્રી કૌશલ કુમાર ચૌબે અને વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# સિવિલ હોસ્પિટલના ઓવરબ્રિજ ઓઈલ ઢોળાતા અનેક વાહન ચાલકો થયા સ્લીપ





(તસ્વીરઃ આનંદ જાવિયા)

શહેરના સિવિલ હોસ્પિટલ પાસે આવેલ ઓવરબ્રિજ ઉપર આજે સવારે ઓઈલ ઢોળાતા અનેક વાહનચાલકો સ્લીપ થયા હતાં. ઓઈલ ઢોળાયાની માહિતી મળતા ફાયર બ્રિગેડ તંત્ર હરકતમાં આવ્યું હતું. તાત્કાલિક ધોરણે ફાયર બ્રિગેડની ટીમે ઓવરબ્રિજ પર પહોંચી જઈ ઓઈલ જે જગ્યાએ ઓઈલ ઢોળાયુ હતું તે જગ્યાને પાણીથી સાફ સફાઈ કરી હતી.

# કુવાડવા પાસે રોડ ક્રોસ કરતા યુવાનને ટ્રક ચાલકે ઠોકરે ચડાવતા મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા પાસે રોડ ક્રોસ કરતા ચોટીલાના યુવકને પૂરપાટ ઝડપે દોડી આવતા ટ્રકે હડફેટે લેતા તેને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારમાં અરેરાટી પ્રસરી જવા પામી છે. વિક્રમભાઈ હકાભાઈ ચૌહાણ (ઉ.વ.૨૪) ગઈકાલે સાંજે પોતાના ઘરેથી વાવેતર કરવા માટે તુવેર લેવા માટે ગામની પીકઅપ વાન ભાડે કરી કુવાડવા તરફ જઈ રહ્યા હતાં ત્યારે તેઓ કુવાડવા નજીક આવેલ રોડ ક્રોસ કરી હોટલે પહોંચ્યા હતાં. જે બાદ યુવાન યુવક રોડ ક્રોસ કરી રહ્યો હતો ત્યારે પુરપાટ ઝડપે આવેલ ટ્રક નં.જીજે-૦૩-બી ડબ્લ્યુ-૭૬૫૨ ના ચાલકે હડફેટે લેતાં તોતિંગ વ્હીલ યુવકની માથે ફરી વળતાં તે ચગદાઈ ગયો હતો. યુવકને ગંભીર હાલતમાં ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. પરંતુ ત્યાં તેનું મોત નિપજ્યું હતું જેથી બનાવ મામલે કુવાડવા પોલીસે ગુનો નોંધી અકસ્માત સર્જી નાસી છૂટેલા ટ્રક ચાલકની શોધખોળ હાથ ધરી હતી.

# અવસાન નોંધ

## ભાજપના અગ્રણી નિલેશભાઈ નર્મદા શંકર પાણેરી ના પત્નીનું અવસાનઃ સોમવારે બેસણું

**રાજકોટ:** સ્વ.જાગૃતિબેન નિલેશભાઇ પાણેરી (ઉ.વ.૪૯) તેઓ નિલેશભાઇ નર્મદાશંકર પાણેરી (ભાજપ અગ્રણી)ના ધર્મપત્ની તેમજ હસમુખભાઇ,નરેન્દ્રભાઇ,પ્રફુલ્લભાઇ અને રાજેન્દ્રભાઇના નાનાભાઇના પત્ની તથા માનવભાઇ અને ક્રિષ્નાબેનના માતા તેમજ સ્વ.મહેન્દ્રભાઇ મણીશંકર જોષી (વાંકાનેર)ના દિકરી તેમજ શૈલેષભાઇ અને જયેશભાઇના બહેનનું તા.૧૫ને શુક્રવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૮ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ વચ્ચે નીચેના સરનામે રાખેલ છે. ઇન્કમટેક્ષ સોસાયટી હોલ, ઇન્કમટેક્ષ સોસાયટી, એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. કાનજીભાઈ કેશાભાઈ લુણાગરીયા (સરપદળવાળા)ના સુપુત્ર હરિશભાઈનું તા. ૧૪ને ગુરૂવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૬ને શનિવાર સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે, લેઉવા પટેલ સમાજની વાડી, મુ. સરપદળ તા.પડધરી ખાતે રાખેલ છે.

# મિશન મંગલમ યોજનામાં જોડાઈને કૃષિલક્ષી વ્યવસાયિક પ્રવૃતિઓ થકી આર્થિક ઉપાર્જન મેળવતું જામકંડોરણાનાં ગુંદાસરી ગામનું “કુંજ ગ્રામ સખી મંડળ“

**–ઃ સંકલનઃ–**
**ભાવિકા લીંબાસીયા**
**માહિતી ખાતું**

**મુખ્ય સમાચાર, રાજકોટ**



કેન્દ્ર અને રાજય સરકારની જનકલ્યાણકારી યોજનાઓની જાણકારી અને તેના લાભો છેવાડાનાં માનવી સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સહ ગામડે - ગામડે ફરી રહેલ ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા'' રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાનાં ગુંદાસરી ગામે પહોંચી ત્યારે ગ્રામજનો દ્વારા ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ યાત્રા દરમિયાન ''મેરી કહાની, મેરી જુબાની'' થીમ અન્વયે સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવેલ લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો આપી મળેલા લાભની સાફલ્યગાથા રજૂ કરી સરકારનો આભાર માન્યો હતો. જેમાં મિશન મંગલમ યોજના હેઠળ ગુંદાસરી ગામનાં ''કુંજ ગ્રામ સખી સંઘ''નાં બહેનો સ્વની સાથે સમુહનું મહત્વ સમજાવી અન્ય મહિલાઓ માટે પ્રેરણારૂપ બન્યા હતા.

''કુંજ ગ્રામ સખી સંઘ''નાં પ્રમુખશ્રી પ્રભાબેન સોજીત્રાએ સરકાર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા જણાવ્યું હતુ કે, પહેલાં અમને પરીવારને મદદ ન કરી શકવાનો અફસોસ હતો, પરંતુ હવે મિશન મંગલમ યોજનામાં જોડાઈને આર્થિક રીતે પગભર થઈ પરિવારને મદદરૂપ થઈ શકવાનું ગૌરવ છે. અમારું મંડળ જુદા જુદા સાત મંડળોના સભ્યોનું બનેલું છે. જેમાં વૃંદાવન મિશન મંડળ હેઠળ ''થ્રેસર'' તથા શ્રીજી મિશન મંડળ હેઠળ ''રોટાવેટર'' વસાવ્યું છે. આ સામૂહિક સાધનોને નિયત દરે ભાડે આપી વાર્ષિક રૂ. એક લાખ સુધીની આવક મેળવી મંડળના બહેનો માટે આવકનો સ્ત્રોત ઊભો કર્યો છે. અમારા મંડળને સ્વ-સહાય જુથના માધ્યમથી રૂ.૧૦ લાખ તેમજ રૂ. ૫૦ હજારની કેશ ક્રેડીટ, રૂ.૨.૭૫ લાખની લોન સહિત વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૩ સુધીમાં અમોને રૂ.૧૩ લાખ ૭૫ હજાર જેટલી આર્થિક સહાય સાવ નજીવા દરે મળી છે. મંડળના બહેનો માટે સમયાંતરે પ્રવાસ કાર્યક્રમ પણ કરવામાં આવે છે. દર ત્રણ વર્ષે મંડળની આવકનો હિસાબ કરી ખર્ચને બાદ કરતાં વધતા નફાની રકમ બહેનોને હાથ ઉપર આપવામાં આવે છે.

# સૌરાષ્ટ્ર મેલમાં રાજકોટના આંગડીયા પેઢીના કર્મીની રૂા.૧૪ લાખની ચાંદીની ચોરી

## વડોદરા રેલ્વે સ્ટેશન પાસે બનેલો બનાવઃ કર્મચારી મુંબઈથી રાજકોટ આવતી વેળાએ બનાવ બન્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રમેલમાં મુંબઈ થી રાજકોટ જવા નીકળેલા સૂર્યા આંગડીયાપેઢીના કર્મચારીની રૂપિયા ૧૪ લાખ ઉપરાંતની કિંમતની ૨૧ કિલો ઉપરાંતની ચાંદીની બેગ ઉઠાવી કોઈ ઉઠાવગીર ફરાર થઈ ગયો હોવાની ફરિયાદ વડોદરા રેલવે પોલીસ મથકે નોંધાઈ હતી.

આ અંગેની માહિતી મુજબ મુંબઈમાં રહેતો રામચરાણ ઉમેદસિંગ તોમર (ઉ.વ.૩૩) મુંબઈ ની સૂર્યા આંગડીયાપેઢીમાં નોકરી કરે છે. ગત તા.૧૪મીના રોજ રામચરણ અને સ્વામીનારાયણ આંગડીયાપેઢીમાં નોકરી કરતા સોનું પરમાર અને અલ્પેશ તોમર સાથે મુંબઈ થી સૌરાષ્ટ્રમેલમાં રાજકોટ જવા માટે નીકળ્યા હતા. રામચરણ પાસે બે બેગ હતી. સોનુ પરમારની ટિકિટ કન્ફર્મ હોવાથી તે ત્યાં બેઠો હતો. તેની સાથે અલ્પેશ તોમર પણ બેઠો હતો. તેઓની સીટ નીચે ચાર બેગ મુકી હતી. પરંતુ બોરીવલી થી મુસાફરો કોચમાં આવ્યા હતા. આથી બે બેગ ઉઠાવીને રામચરણ કોચના દરવાજા પાસે લઈને બેઠો હતો. જયારે બે બેગ જે સોનુની સીટ નીચે હતી. તેનુ ધ્યાન રાખવા માટે સોનુ અને અલ્પેશને જણાવ્યુ હતુ. સુરત રાત્રે એક કલાકે આવ્યુ હતુ. ત્યારે સીટ નીચે જોતા બેગ હતી. જયારે સુરતથી સૂર્યા આંગડીયાપેઢીનો અન્ય કર્મચારી આકાશ તોમર આવ્યો હતો. તેની પણ ટિકિટ કન્ફર્મ ના હતી. તે સુરત થી રાજકોટ જવાનો હતો. જયારે વડોદરા રેલવે સ્ટેશન રાત્રે ૩ કલાકે આવ્યુ હતુ. જયારે વડોદરા રેલવે સ્ટેશન નંબર ૬ ઉપરથી ટ્રેન ઉપડી હતી. ત્યારે સોનુ પરમારે આવીને રામચરણને જણાવ્ય હતુ કે તમારી બેગ નથી આથી તેને શેઠનેફોન કર્યો હતો. જયારે શેઠે ફોન ઉપાડયો ત્યારે જણાવ્યુ હતુકે આ બેગમાં ૨૧.૨૪૫ ગ્રામ ચાંદી હતી. જેની કિંમત રૂપિયા ૧૪,૮૭,૧૫૦ છે. આ અંગે રામચરણે આરપીએફ અને રેલવે પોલીસને જાણ કરી હતી. આણંદ રેલવે સ્ટેશને ઉતરીને રામચરણ વડોદરા રેલવે સ્ટેશન આવ્યો હતો. જયાં ચાંદીની મતા સહિતની બેગની ઉઠાંતરી અંગે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ટ્રાફિક પોલીસની કનડગત સામે ધર્મેન્દ્ર રોડના વેપારીઓએ પાડયો બંધ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ ટ્રાફિક પોલીસ અને મનપાની જગ્યા રોકાણ શાખા દ્વારા રાજકોટના ધર્મેન્દ્ર રોડમાં આવેલ વેપારીઓની તેમજ ગ્રાહકોની ગાડીઓ ટોઈંગ કરતા વેપારીઓ દ્વારા બપોરે ૨ વાગ્યા સુધી દુકાનો બંધ કરી કરવામાં આવ્યો ઉગ્ર વિરોધ. વેપારી એસોસીએશનના પ્રમુખ પ્રમોદ કલ્યાણીએ જણાવ્યું હતું કે વારંવાર પોલીસ તંત્ર દ્વારા વેપારીઓ સાથે અણછાજતુ વર્તન કરવામાં આવી રહ્યું છે. વેપારીઓ અને ગ્રાહકોને ધમકી આપી હેરાન-પરેશાન કરવામાં આવી રહ્યા છે. આ અંગે પોલીસ કમિશનરને અગાઉ પણ રજુઆત કરવામાં આવી હતી. પરંતુ કોઈ ઉકેલ ન આવતાં ના છુટકે આજે અડધો દિવસ દુકાનો બંધ રાખવાની ફરજ પડી છે.

## મેતા ટ્રેડર્સ નામની એપ્લિકેશનમાં સારી કમાણી કરવાની લાલચ આપી યુવતી સાથે રૂપિયા ૫.૪૫ લાખની છેતરપિંડી

### હરિદ્વાર રોડ પર રાજલક્ષ્મી સોસાયટીમાં રહેતી યુવતીએ સાઈબર ક્રાઈમ પોલીસમાં મોરબી રોડ પર રહેતા પટેલ શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર રાજકોટ**

દેશભરમાં યુવા વર્ગ ડિજિટલ યુગ તરફ વળ્યો છે ત્યારે મોબાઈલ મારફતે અને સોશિયલ મીડિયા મારફતે અનેક લોકો ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બની રહ્યા હોય તેવા અનેક કિસ્સા પોલીસ ચોપડે નોંધાયા છે રાજકોટમાં રહેતી યુવતીને ઓનલાઇન એપ્લિકેશનમાં સારી કમાણી કરવાના બહાને મોરબી રોડ પર રહેતા પટેલ શકશે જાસામાં ફસાવી રૂપિયા ૫.૪૫ લાખની ઠગાઈ કરતા સાયબર ક્રાઇમ પોલીસમાં ફરિયાદ નોંધાય છે.





આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ રાજકોટ શહેરના હરિદ્વાર રોડ પર આવેલ રાજલક્ષ્મી સોસાયટી શેરી નંબર ૨ માં રહેતી અને પ્રાઇવેટ નોકરી કરતી મનાલી બેન બાબુભાઈ કાછડીયા નામની ૨૩ વર્ષીય યુવતીએ સાઈબર ક્રાઇમ પોલીસમાં મોરબી રોડ પર નવા રેલવે ફાટક પાસે જય ગુરુદેવ રેસીડેન્સી મા રહેતો શૈલેષ અમરશી લુણાગરિયા નામના શખ્સ વિરુદ્ધ ફરિયાદ કરી છે કે આ શકશે મેટા ટ્રેડર્સ નામની એપ્લિકેશન માં દિવસે ₹૮૦૦ ની કમાણી કરવાની લોભ લાલચ આપી વિશ્વાસમાં લઈ ટુકડે ટુકડે રૂપિયા ૫.૪૫ લાખ લઈ લઈ બાદમાં પરત નહીં આપી છેતરપિંડી કરી વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ નોંધાવતા સાયબર ક્રાઇમ પોલીસ મથકના પીઆઇ કેજે મકવાણાએ પટેલ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## હળાહળ કળયુગઃ ૬૦ વર્ષના નરાધમ વૃદ્ધે ત્રણ વર્ષની માસુમ બાળકીને પીંખી નાખી

### ગુલાબ નગર વિસ્તારમાં ઘર પાસે રમતી માસુમ બાળકી પર વૃદ્ધે દુષ્કર્મ આચર્યુંઃ ગુપ્ત ભાગે દુઃખાવાની ફરિયાદ કરતા માતાએ પૂછપરછ કરતા વૃદ્ધનું જધન્ય કૃત્ય બહાર આવ્યુંઃ આજી ડેમ પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે નરાધમને સંકજામાં લીધો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેર અને જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી દુષ્કર્મના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે વધુ એક ઘોર કળયુગ ચાલી રહ્યો હોય તેઓ બનાવ પ્રકાશમાં આવ્યો છે કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં ૬૦ વર્ષે નરાદમ વૃદ્ધે ત્રણ વર્ષની માસુમ બાળકીને પીખી નાખી જતન્ય કૃત્ય કરતા ચકચાર મચી જવા પામી છે.



આ અંગેની પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ એક મહિલા કે જે કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં રહેતી હોય પોતે યુપીની વતની હોય અને તેનો પતિ રાજકોટમાં બફ નું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હોય બે પુત્રી અને પતિ પત્ની સહિત ચાર વ્યક્તિનો પરિવાર આ કોઠારીયા વિસ્તારમાં રહેતો હોય ગઈકાલે સવારે આ મહિલા ગાયને રોટલી આપવા ગયા બાદ પોતે શાકભાજી ખરીદી કરવા નજીકમાં ગઈ હતી ત્યારે તેની ત્રણ વર્ષની માસુમ પુત્રી ઘર પાસે રમતી હતી ત્યારે પાડોશ માં રહેતો ૬૦ વર્ષે નરાધમ રામચંદ્ર પાસવાને બાળકી પર દાનત બગાડી તેને રૂમમાં લઈ ગયો હતો બાળકી પર અને દુષ્કર્મ ગુજારી બાળકીને રવાના કરી દીધી હતી બાદમાં મહિલા ઘરે આવી ત્યારે તેની પુત્રીએ ગુપ્ત ભાગે દુખાવો થતો હોવાની ફરિયાદ કરી હતી બાદમાં મહિલાએ પુત્રી ને પૂછપરછ કરતા તેણીએ જણાવ્યું હતું કે તે ઘર પાસે રમતી હતી ત્યારે બાજુમાં રહેતો રામચંદ્ર પાસવાન તેને રૂમમાં લઈ જઈ ગુપ્ત ભાગે તેલ લગાવી દુષ્કર્મ કર્યું હોવાની જણાવતા મહિલા બાળકીને લઈ આજી ડેમ પોલીસ સ્ટેશન પહોંચી હતી ઇન્ચાર્જ પીઆઈ કરપડા એ પ્રાથમિક તપાસ હાથ ધરી બાળકીને સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડી આ અધમ કૃત્ય કરનાર ૬૦ વર્ષીય નરાધમ રામચંદ્ર પાસવાનને શકન જામા લઈ વધુ તપાસ હાથ ધરી છે.

## ફાર્મ હાઉસ ખાતે ફરવા ગયેલાં રાજકોટના બે યુવાનોને ફોરેસ્ટ અધિકારીઓએ ધોકાવ્યા

### પ્રતિબંધીત જંગલ વિસ્તારમાં બાઈક લઈ નીકળતા ત્રણ અધિકારીઓએ અમાનુષી અત્યાચાર ગુજાર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સંતકબીર રોડ પર રહેતો યુવાન તેના ચાર મિત્રો સાથે કારમાં બોરવાવ ખાતે રહેતા તેના કાકાના ફાર્મ પર તા.૧૧ ના આટો મારવા માટે ગયા હતા. ત્યારે તે તેના મિત્ર સાથે રાત્રીના બાઈક પર લુશાળા ગામના વાડી વિસ્તારમાં ગયા હતા તે સમયે તેમને બે ફોરેસ્ટ ઓફિસર દ્વારા રોકી પ્રતિબંધિત વિસ્તારમાં નીકળવા બાબતે થપકો આપે તે બંનેને તાલાળાની ફોરેસ્ટ ઓફિસમાં લઈ ગયા હતા વધુ એક ફોરેસ્ટ ઓફિસર હાજર હતો. અને આ ત્રણેય અધિકારીઓ દ્વારા બંને યુવાનને ધોકા વડે માર મારી અમાનુષી અત્યાચાર કરવામાં આવ્યો હતો.જેથી બંને યુવકને પગમાં સોજા ચડી ગયા હતા જેથી તાલાળા પોલીસ દ્વારા યુવકની ફરિયાદ પરથી આગળની કાર્યવાહી હાથધરી છે.





આ અંગેની માહિતી મુજબ સંતકબીર રોડ પર રહેતા નરેન્દ્ર ભાઈ જગદીશભાઈ રાઠોડ દ્વારા નોંધાવેલી ફરિયાદમાં આરોપીઓમાં તાલાળા ખાતેના ફોરેસ્ટ ઓફિસર પી.કેવાળા, અરવિંદભાઈ અને બાકુભાઈનું નામ આપ્યું હતું. જેમાં તેમને જણાવ્યું હતું કે તેઓ તેના મિત્ર ભાવિન, રાજુ અને પ્રવીણભાઈ સાથે ગત તા.૧૧ ના રોજ કાર લઈને તેના બોરવાવ ખાતે રહેતા કાકાના ફાર્મ હાઉસ ખાતે આટો મારવા ગયા હતા. ત્યારે તે ભાવિન સાથે બાઈક પર લુશાળા ગામના વાડી વિસ્તારમાં ગયા હતા.તે સમયે ત્યાં તેમના બાઈકને ફોરેસ્ટ ઓફિસર અરવિંદભાઈ અને બાકુભાઈ દ્વારા રોકવામાં આવ્યા હતા.ત્યારે તે બંને ઓફિસરો દ્વારા આ પ્રતિબંધિત વિસ્તારમાં કેમ આવ્યા છો.તેમ કહી તેમને પૂછપરછ માટે તાલાળા ફોરેસ્ટ ઓફિસ ખાતે લઈ ગયા હતા જ્યાં પી કે વાળા નામના ફોરેસ્ટ ઓફિસરો હાજર હતા અને આ ત્રણેય ફોરેસ્ટ ઓફિસરો દ્વારા બંને યુવાનોના પગમાં ધોકા માર્યા હતા. અને બે થી ત્રણ કલાક સુધી બેસાડી રાખી તેઓને ત્યાંથી જવા દીધા હતા. ત્યારબાદ જ્યારે મિત્રો રાજકોટ આવી ગયા હતા. બે દિવસ બાદ બંને મિત્રોને પગમાં સોજો ચડી જતા હોસ્પિટલમાં સારવાર લીધી હતી અને અમાનુધી અત્યાચાર આપનાર ત્રણેય ઓફિસરો સામે ફરિયાદ નોંધાવતા હાલ તાલાળા પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## કાલાવડ રોડ પર પરમ હોસ્ટેલના સંચાલકની હરિયાણામાં હત્યા

### હરિયાણાના રેવાડી નજીક હોટલમાં રોકાયા બાદ હોટલ માલિક અને મેનેજરે હત્યા કરી લાશ સળગાવી નાંખીઃ બંન્નેની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કણકોટ પાસે પરમ હોસ્ટેલ ચલાવતા યુવકના હરિયાણા નજીકના ગામ પાસે થી સળગેલી હાલતમાં કંકાલ મળી આવતા પોલીસે હત્યા સહીતનો ગુનો નોંધી સીસીટીવીના આધારે હત્યાનો ભેદ ઉકેલી હોટલ માલિક અને હોટલ સંચાલકની ધરપકડ કરી હતી.



પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ માધાપર પાસે રહેતા અને કણકોટ નજીક પરમ હોસ્ટેલ ચલાવતા ધર્મેશભાઈ કિરીટભાઈ જોષી (ઉ.૪૫) તા.૨૭ ના રોજ ફરવા માટે હરીયાણા ગયા હતા.ત્યા રેવાડી નજીક રેલ્વે સ્ટેશન પાસે આવેલ હોટલ સચીનમાં રોકાયા હતા અને ત્યાર બાદ લાપતા થઈ જતા તેના પરિવારે તેની શોધખોળ કરી પોલીસને જાણ કરી હતી દરમ્યાન રેવાડી નજીક ગ્રામજનોએ સળગેલી હાલતમાં લાશ પડી હોવાની પાંચ ડિસેમ્બરે પોલીસને જાણ કરતા પોલીસે તપાસ કરતા લાશ રાજકોટના માધાપર નજીક રહેતા ધર્મેશભાઈની હોવાનુ બહાર આવ્યું હતું.

દરમિયાન પોલીસે સીસીટીવીના આધારે તપાસ કરી હોટલ માલીક સચીન અને મેનેજર પંકજ યાદવની અટકાયત કરી આકરી પુછતાછ કરતા તેને હોટલના રૂમમાં લોહીની ઉલ્ટીઓ થતા તેનુ મોત થયુ હતુ રૂમનો દરવાજો નહી ખુલતા હોટલ સ્ટાફના માણસોએ તપાસ કરતા ધર્મેશનો મૃતદેહ પડયો હોય જે અંગે મેનેજરને જાણ કરી હતી જેથી મેનેજરે હોટલ માલિકને બોલાવી જાણ કર્યા બાદ હોટલનુ નામ બદનામ થશે તેવો ડર લાગતા બન્નેએ પ્લાન બનાવી લાશને કાર મારફતે રેવાડી નજીક ફેકી કોઈ જલદ પ્રવાહી છાંટી સળગાવી નાસી ગયાનુ બહાર આવતા પોલીસે હત્યા અને પુરાવનો નાસ કરવાના ગુનામાં બન્નેની ધરપકડક કરી વધુ કાર્યવાહી કરી હતી.

## લૂંટ અને માદક પદાર્થના ગુનામાં નાસ્તા ફરતા બે શખ્સોને દબોચી લેતી એસઓજી ટીમ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં ગંભીર ગુનામાં નાસ્તા ફરતા આરોપીઓને શોધવા અંગેની ડ્રાઇવ રાખવામાં આવી હોય જેના પગલે એસોજી પોલીસના ઇન્ચાર્જ પીઆઇ વાય બી જાડેજા ની સૂચનાથી એએસઆઈ ડીબી ખેર હેડ કોન્સ્ટેબલ ફિરોજભાઈ હેડ કોસ્ટેબલ ઉપેન્દ્રસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે કોઠારીયા સોલવન્ટ પાસેથી અગાઉ લૂંટના ગુનામાં નાસ્તો ફરતો



અને કોઠારીયા સોલવન પાસે નૂરાની પરામાં રહેતો સિરાજ અજીમ સોરા શખ્સની ધરપકડ કરી કાર્યવાહી યાદ કરવામાં આવી છે જ્યારે અન્ય બનાવમાં અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં રહેતો અને રાજકોટના એનડીપીએસના ગુનામાં નાસ્તો ફરતો મજહર અલી નજરઅલી કુરેશી નામના શખ્સને દબોચી લઈ ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

## રાજકોટના યુવાનને હિંગોળગઢના જંગલમાં ઝેરી જનાવર કરડતા મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના સામા કાંઠે રહેતો યુવક ગઈકાલે મિત્રો સાથે હિંગોળગઢ ફરવા ગયો હતો ત્યાં ઝેરી જનાવર કરડી જતા આટકોટ બાદ રાજકોટ સિવિલ હોસ્પીટલે સારવાર અર્થે ખસેડાયો હતો પરંતુ અહીં સારવાર દરમિયાન મોત થતા બે બહેનોએ એકનો એક ભાઈ અને પરિવારે આધારસ્તંભ પૂત્ર ગુમાવતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે. રાજકોટના પેડક રોડ ઉપર શક્તિ સોસાયટીમાં રહેતો અને ગ્રાફિક ડિઝાઈનનું કંપનીમાં નોકરી કરતો જયેશભાઈ લાલજીભાઈ પરમાર ઉ.૨૮ ગત સાંજે મિત્રો સાથે જસદણ નજીક આવેલ હિંગોળગઢ ફરવા ગયો હતો ત્યાં કોઈ ઝેરી જનાવર કરડી જતા ઝેરી અસર થતા સારવાર અર્થે આટકોટ ખસેડાયો હતો અને પરિવારને કરતા પરિવારજનો ત્યાં દોડી ગયા હતા બાદમાં પરિવારે વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પીટલે ખસેડાયો હતો પરંતુ અહીં મોડી રાત્રે દમ તોડી દેતા આટકોટ પોલીસે કાર્યવાહી કરી હતી પોલીસની પ્રાથમિક તપાસમાં મૃત્યુપામનાર યુવક બે બહેનોનો એકનો એક નાનો ભાઈ અને અપરણિત હોવાનું જાણવા મળ્યું છે આધારસ્તંભ યુવાન પૂત્રના મોતથી પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

## ધારીમાં ભાજપ મહિલા અગ્રણીની હત્યાના એક મહિના બાદ સામા પક્ષે વળતી ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, ધારી**

ધારીમા ભાઈબીજના દિવસે મહિલા ભાજપ અગ્રણી મધુબેન જોષીની કરપીણ હત્યા થયા બાદ તે સમયે થયેલ મારામારી અંગે મધુબેન જોષી સહિત છ શખ્સો સામે યુવક પર ખુની હુમલો કરવા અંગે આખરે એક માસ બાદ ગુનો નોંધાવામાં આવ્યો છે. ધારી પોલીસે કોઈ અકળ કારણોસર જે તે સમયે સામસામે થયેલી મારામારી અંગે બંને તરફથી ગુનો નોંધ્યો ન હતો. તે સમયે બે યુવાનો સારવાર માટે હોસ્પિટલ માં દાખલ હોવા છતાં તેમની વળતી ફરિયાદ લેવાઈ ન હતી.

શિવનગર વિસ્તારમાં જય ઓમ હિતેશભાઈ મહેતા (ઉ.વ. ૨૦) સહિત ૩ યુવાનો સાથે મધુબેન જોષી અને તેમના પુત્રોને તકરાર થઈ હતી.જય ઓમ મહેતા ની ફરિયાદ પરથી એડવોકેટ રવિ ભરતભાઈ જોષી ચિન્ટુ તેમજ કિશનભાઈ દવે મધુબેન જોષી ચિન્ટુના પત્ની સામે ગુનો નોંધાયો છે. આ ચારેય શખ્સોએ પાઈપ, દંડા અને તલવાર વડે હુમલો કરી જય ઓમ અને રુષિક મહેતાને ગંભીર ઈજા પહોંચાડી હતી.

## શહેરમાં સાત રિક્ષા અને આઠ ભારે વાહનો સહિત ૩૬ વાહનો ડીટેઈન કરાયા



શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવની સૂચના થી એડીશનલ સી પી વિધિ ચૌધરીના માર્ગદર્શન નીચે ડીસીપી ટ્રાફિક પુજા યાદવ અને એસીપી જે બી ગઢવી ની રાહબરી હેઠળ ૧૫૦ ફટ રિંગ રોડ ભારે વાહનોના જાહેર નામા ભંગ કેસો કરવા તથા ચોક પર પાર્ક કરેલ વાહનો ડિટેઈન કરવાની ડ્રાઈવ રાખવામાં આવેલ. જેના પગલે સેક્ટર ૧ પો સ ઈ આર સ પરમારે દ્વારા ૧૯૭ કેસ કરી ૮૩૭૦૦ દંડ વસુલ લઈ ૧૩ વાહન ડિટેઈન કરેલ , સેક્ટર ૨ પો ઈન્સ જીજ્ઞેશ દેસાઈ દ્વારા ૦૪ ભારે વાહનો ડિટેઈન કર્યા હતા ત્યારે સેક્ટર ૩ પો ઈન્સ એન જી વાઘેલા દ્વારા ૪ વાહનો ડિટેન કર્યા .તથા સેક્ટર ૪ પો ઈન્સ વી આર રાઠોડ દ્વારા ૧૫ વાહનો જેમાં ૭રીક્ષા અને ઈકો તથા ૮ ભારે વાહનો ડિટેઈન કર્યા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT